# શહેરમાં અચાનક વાતાવરણ પલ્ટાયુ



**દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણથી નગરજનો બફારાથી ત્રસ્ત : દિવાળી ટાંણે વરસાદી વાદળોના ઘેરાવાથી વેપારીઓમાં પણ ચિંતા : મોસમની અસરથી પ્રભાવિત નગરજનો સુસ્તીનો ભોગ બન્યા**

ગાંધીનગર તા ૧૧

અપર એર સરક્યુલેશનની અસરથી દક્ષિણ ગુજરાતમાં દિવાળી ટાંણે અષાઢી માહોલ છવાયો છે. સાપુતારામાં આજે ધોધમાર વરસાદ વરસતા મોસમનો નઝારો બદલાયો હતો. જયારે હવામાન પલ્ટાની અસર વચ્ચે ગાંધીનગરમાં પણ આજે આકાશમાં વરસાદી વાદળોના ઘેરાવા સાથે વાદળિયુ વાતાવરણ સર્જાતા ગમે ત્યારે વરસાદ ડોકિયુ કરી જાય તેવી સ્થિતિ સર્જાઇ હતી. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા નગરજનો અસહ્ય બફારો પણ અનુભવી રહયા છે. દિવાળી ટાંણે મોસમના વિચિત્ર મિજાજથી નગરજનો સુસ્તી અનુભવી રહયા છે.

અપર એર સરક્યુલેશનના લીધે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારમાં વરસાદ ખાબકે તેવી શકયતાઓ હવામાન નિષ્ણાંતોએ વ્યક્ત કરી છે. જયારે સાપુતારામાં આજે વરસાદ વરસતા અષાઢી માહોલ જોવા મળ્યો હતો. હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ અપર એર સરક્યુલેશનની અસરથી હજુ વરસાદ થવાની સંભાવના છે. ત્યારે ગાંધીનગરમાં પણ આજે મોસમનો મિજાજ બદલાયેલો જોવા મળ્યો

● અનુસંધાન પાન-૭ પર

## હા... સાહેબ !

"જોયું..?! વાતાવરણ અચાનક બદલાઈ ગયું..?!"

"કયા વાતાવરણની વાત કરો છો..?! ચૂંટણી કે હવામાન..!?!"

"હું તો બન્નેની વાત કરૂ છું..! દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડ્યો અને આખા ગુજરાતમાં વાદળો પણ છવાયા..! જ્યારે ચૂંટણીમાં મધ્ય ગુજરાતમાં રાહુલ ગાંધી વરસ્યા... તો ઉત્તર ગુજરાતમાં રૂપાણી વરસ્યા..!!"

"આ તો બધો કમોસમી વરસાદ છે..!"

"ખરૂ છે હો..! જ્યારે પડવો જોઈએ એ વરસાદ ન પડે અને પછી પડે તેનું નામ કમોસમી કહેવાય ને..?!"

"એટલે..?! સમજાય એવું બોલોને સાહેબ..!!"

"અરે સીધી ને સટ વાત છે..!! રાહુલ ગાંધી નોટબંધી વખતે બોલ્યા નહીં ને હવે ગરજે છે... એ શું કામનું..?!"

"તો... પ્રજા જ્યારે પીસાઈ ગઈ ત્યાં સુધી તમે ભાવ ના ઘટાડ્યા... તમે રાહતો ના આપી... તમે ટેકાના ભાવ ના આપ્યા..! હવે મત લેવા જવાનું છે ત્યારે જ યાદ આવ્યું..?! આયે કમોસમી છે ને..!!"

"હા... એ તો કુદરત જો કમોસમી વરસાદ વરસાવતી હોય તો આ તો..!!"

"ઓ હો...હો...હો... તમે તો ભોળાભટ્ટાક..!"

"રાજકારણમાં ભોળા-બોળા કોઈ જ નહિ..! દેશ તેવો વેશ..! જ્યાં જેવું દેખાવું પડે એવું દેખાતા આવડે... એ રાજકારણમાં ચાલે..!"

"હં...અ...અ... એટલે કાલે રાહુલે આદિવાસી વિસ્તારમાં ટીમલી નૃત્ય કર્યું..?!"

"હા... એ તો મોદી સાહેબ નેપાળમાં જઈને નગારૂ ન્હોતું વગાડ્યું...?! આ બધા ખેલ તો ચાલ્યા જ કરે છે..! એનાથી પ્રજાને શું લેવા-દેવા... પ્રજાને તો જોઈએ છીએ નક્કર..!! ફેંકાફેંક નહીં..!!"

"આમાં તો આવું જ રહેવાનું ભાઈ..!! પચાસ લાખ મકાનોની વાત હોય કે પંદર લાખ જમાની વાત હોય..! કે ગરીબી હટાવવાની વાત હોય.... પ્રચારના ગતકડાં આવાં જ હોય છે..!! એ તો તમારી પાસે સત્તા નથી એટલે ડાહી ડાહી વાતો છે..! બાકી તો બધે રામાયણ જ છે..!!"

"રામાયણમાંય કૈકેયી ને મંથરા તો હતાં જ ને..?! અને એટલે જ રામ 'રામ' બની શક્યા..!!"

"એટલે આમાં કૈકેયી કોણ..?! મંથરા કોણ..?! ફોડ પાડો જરા..!"

"બધામાં ફોડ ના હોય... 'સમજદાર કે લિયે ઈશારા હી કાફી હે'..."

"ઓ...હો... મોટી વાત કરી દીધી સાહેબ..!, માત્ર રાજકારણ જ નહીં ગલીએ ગલીએ મંથરાઓ ઉભી જ છે..! ધોબી રામની રાહ જુએ જ છે..! અને કૈકેયીનો તો તોટો નથી..!! આ માત્ર પાત્રોની વાત નથી... પાત્રોમાંથી વ્યક્ત થતો ભાવ સમગ્ર વાતાવરણને બદલી નાંખે છે..!!"

"સો ટકા સાચી વાત..!! પાત્રો તો મ્હોરા હોય છે..! યુગોથી નિયતીના શાસનમાં ખેલ ભજવાતા જ જાય છે અને ભજવાતા જ રહે છે... પણ એમાંથી બોધ લઈને કંકાસની માત્રાઓ... વિષમતાની માત્રાઓ.... વિસંવાદિતતાની માત્રાઓ... ઘટાડવા પ્રમાણિક પ્રયાસ કરવો જોઈએ..!! ભલે રાજકારણ હોય કે સમાજકારણ..!"

"તો...તો... રામ રાજ્ય..!"

\- નિમિત્ત માત્ર

# આરટીઓમાં હવે પસંદગીના નંબરો માટે ઈ-હરાજી કરાશે

**નવા ૧૪ એ.આર.ટી.ઓ.ને વાહનવ્યવહાર મંત્રીએ નિમણુંક પત્રો એનાયત કરાયા : પસંદગીના નંબરો અન્વયે ગત વર્ષે ૬૫ કરોડની આવક**

ગાંધીનગર, તા. ૧૧

પ્રજાની મુશ્કેલીઓનું ઝડપથી નિરાકરણ આવે તેમજ આર.ટી.ઓ. અધિકારીઓ પોતાની ફરજો અને નિષ્ઠા તેમજ પ્રમાણિકતાથી અદા કરે તેમ વાહનવ્યવહારમંત્રીએ જણાવ્યું હતું. ગાંધીનગરની આર.ટી.ઓ. કચેરી ખાતે આજે ૧૪ એ.આર.ટી.ઓ.ને નિમણુંક પત્રો એનાયત કરાયા હતા. પસંદગીના નંબરો માટે પણ હવે ઈ. ઓક્શનથી પ્રક્રીયા હાથ ધરાશે. ગત વર્ષે સરકારે પસંદગીના નંબરો અન્વયે રૂ. ૬૫ કરોડની તોતિંગ આવક કરી હતી.

વાહનવ્યવહાર રાજયમંત્રી વલ્લભભાઈ કાકડિયાએ નવનિયુક્ત ૧૪ એ.આર.ટી.ઓ.ને નિમણુંક પત્રો એનાયત કર્યા બાદ જણાવ્યું હતું કે, વાહન વ્યવહાર વિભાગમાં ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને વહીવટમાં પારદર્શિતાને રાજય સરકારે પ્રાધાન્ય આપ્યું છે. આર.ટી.ઓ.ની કામગીરી સતત પ્રજા સાથે સંકાળયેલ છે, ત્યારે પ્રજાની મુશ્કેલીઓનું ઝડપથી નિવારણ થાય અને લોકોને વધુ ઉપયોગી બની પોતાની ફરજો નિષ્ઠા અને પ્રમાણિકતાથી અદા કરવા જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

### આરટીઓ કચેરીમાં મંત્રીના આગમન ટાંણે કથળેલા વહીવટનો ચિતાર દર્શાવતા દ્રશ્યો પર પડદો કરાયો

ગાંધીનગરની આર ટી ઓ કચેરીમાં આજે વાહનવ્યવહાર મંત્રી એક કાર્યક્રમાં હાજરી આપવા આવ્યા હતા. આ દરમિયાન કચેરીની ગંદકી સહીત કાટમાળના વિકરાળ દ્રશ્યો ઢાંકવા માટે આર ટી ઓ તંત્ર દિવસ દરમિયાન વ્યસ્ત રહયુ હતુ. જયારે એજન્ટો પર ચાલતી આર ટી ઓ કચેરીમાં આજે એક પણ એજન્ટ દેખાયા ન હતા. આડા દિવસોમાં ધમધમતી આર ટી ઓ કચેરીમાં આજે અનોખો સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. અનેકવાર ટેકનિકલ ખામી તેમજ ભ્રષ્ટ વહીવટના લીધે વિવાદની એરણે રહેલી આર ટી ઓ કચેરીમાં આજે કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. આર ટી ઓ કચેરીનો સ્ટાફ મંત્રી તેમજ ઉચ્ચ અધિકારીઓના ઓવારણાં લેવામાં વ્યસ્ત હતો ત્યારે આમ નાગરિકોની વાત કે રજુઆત પણ ભીતે અથડાઇને પાછી આવે તેવી સ્થિતિ સર્જાઇ હતી. મંત્રીના આગમન ટાંણે આર ટી ઓ કચેરીના કથળેલા વહીવટી ચિતારને બયાન કરતા ગંદકી સહીતના દ્રશ્યોને પડદો લગાવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# સરકાર હવે તો શરમ કરો, શહીદોના પરિવારોને પણ ધરણા કરવા પડે છે

**રાજ્યના ૬૪ શહીદ જવાનોના પરિવારોએ મળવાપાત્ર સહાય માટે સત્યાગ્રહ છાવણીમાં ધરણા કર્યા**




ગાંધીનગર, તા. ૧૧

શહીદો અમર રહો... દેશભક્તિ અને રાષ્ટ્રભાવનાની વાત સિઝનલ અને સિમ્પથી જતાવવા પુરતી જ સિમિત રહી ગઈ હોવાનો ચિતાર આંખ સામે તાદશ્ય થઈ રહ્યો છે. દેશની સરહદે પ્રત્યેક નાગરિકની સુરક્ષાની જવાબદારી સંભાળતા શુરવીરો દેશ માટે ફનાહ થઈ જાય છે. દેશના સરહદી વિસ્તારની અંદર શાંતિ, સુમેળ અને આનંદ રહે તે માટે સરહદો પર ઢાલ બનીને બેઠેલા સૈનિકો દેશપ્રેમ માટે શહીદી વ્હોરી લે છે પરંતુ સ્વાતંત્ર પર્વ અને પ્રજાસત્તાક દિનની ઉજવણી ટાણે દેશભક્તિના ગાંણા ગાઈને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પવાની ભાવના દાખવી લીપ સિમ્પથી જતાવી બધુ આટોપી લેવાય છે... માટે

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



ગામ નાઝ હાલ પેથાપુર પ્રફુલ્લભાઈ ચીમનલાલ વ્યાસ (મેઘાભાઈ)ના માતૃશ્રી **સ્વ. ઈન્દુબેન ચીમનલાલ વ્યાસનું** તા. ૮/૧૦/૨૦૧૭ સંવત ૨૦૭૩ આસો વદ-૩, રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. **સદ્‌ગતનું બેસણું તા. ૧૩/૧૦/૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : કિર્તીરાજ સોસાયટી, પેથાપુર, રામાપીર મંદિર સામે, ગાંધીનગર**

લી.

| | |
|---|---|
| શ્રી ચીમનલાલ એચ. વ્યાસ | હેમાબેન પી. વ્યાસ (પુત્રવધુ) |
| જોષનાબેન એમ. ભટ્ટ (પુત્રી) | પાર્થ પી. વ્યાસ (પૌત્ર) |
| પૂર્ણિમાબેન વી. સેવક (પુત્રી) | પ્રગતી પી. વ્યાસ (પૌત્રી) |
| પ્રજ્ઞાબેન એ. ભટ્ટ (પુત્રી) | મો. ૯૯૭૯૮ ૫૨૯૦૬ |
| કલ્પનાબેન આર. વ્યાસ (પુત્રી) | મો. ૯૪૨૮૫ ૫૪૧૦૦ |

# પંચાયતી રાજ વ્યવસ્થાને પારદર્શક બનાવવા પ્લાન પ્લસ નામનું સોફ્ટવેર વિકસાવાયુ

**પંચાયતના તમામ કામોની વિગતો આ સોફ્ટવેરમાં અપલોડ કરી વિકાસની વિગતો રજૂ કરવાની રહેશે**

ગાંધીનગર, તા. ૧૧

પંચાયતી રાજ વ્યવસ્થાપનને પારદર્શક અને પેપરલેસ બનાવવાના અભિગમ સાથે ભારત સરકારે 'પ્લાન પ્લસ' નામનું નવુ સોફ્ટવેર ડેવલપ કર્યુ છે.

દિપાવલી પર્વ પછી આ સોફ્ટવેરના અમલીકરણની દિશામાં આગળ વધવામાં આવશે. આ માટે માસ્ટર્સ ટ્રેઈનર્સ જિલ્લા કક્ષાએ તૈયાર કરી દેવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ સોફ્ટવેરમાં પંચાયતો દ્વારા ખાસ કરીને ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી હાથ ધરાયેલા વિકાસ કામોની વિગતો રજુ કરવાની રહેશે. આ ઉપરાંત ગ્રામસભાના ઠરાવો, ગ્રામસભાની કાર્યવાહી નોંધ, તેમજ વિલેજ ડેવલપમેન્ટ પ્લાનની વિગતો પણ અપલોડ કરવાની રહેશે

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરકાર તરફથી મળતા વિવિધ અનુદાનો અને તેમાંથી પણ હાથ ધરવામાં આવેલ કામોની વિગત, આયોજન મંડળ દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસ કામોની વિગતો પણ અપલોડ કરવાની રહેશે.

આ કામગીરી તલાટી કમ મંત્રી અને વિલેજ લેવલ કોમ્પ્યુટર સાહસિકે કરવાની રહેશે. આમ થવાથી પંચાયતોમાં ચાલતા કામોની સમીક્ષા ઝડપથી હાથ ધરી શકાશે એટલુ જ નહિ કામોનું ડુપ્લીકેશન પણ થઈ શકશે નહિ.

જિલ્લાકક્ષાએ ૭ થી ૧૧ ઓક્ટો. દરમ્યાન માસ્ટર્સ ટ્રેઈનર્સને તાલિમબદ્ધ કરવામાં આવ્યા છે. હવે દિપાવલી પર્વ પછી ગ્રામીણ સ્તરે આ માટે તાલુકાવાર તાલિમનો કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. ત્રિ દિવસીય તાલિમમાં જ આ સોફ્ટવેર ઓપરેટ કરી શકાશે તેટલુ સરળ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. કુમારભાઈ ગુણવંતભાઈ ભટ્ટ**
**સ્વ. તા. ૧૨/૧૦/૨૦૧૬**

જીવન સદા એવું જીવ્યા કે જોનારા જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
દુ:ખથી ડર્યા નથી, સુખમાં છલકાયા નથી,
વ્યવહાર કદી ચૂક્યા નથી, ધર્મ કદી ભૂલ્યા નથી
હસતો રાખી ચહેરો જીવન એવું જીવી ગયા કે,
મન નથી માનતું કે તમે અમારી વચ્ચે નથી.
પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

સિંધુબેન કુમારભાઈ ભટ્ટ (પત્ની)

| | |
|---|---|
| સ્વ. ગુણવંતરાય એમ. ભટ્ટ (પિતા) | તિલોત્તમાબેન જી. ભટ્ટ (માતા) |
| મુંજ કે. ભટ્ટ (પુત્ર) | દેવાંશી એમ. ભટ્ટ (પુત્રવધુ) |
| સુનીલભાઈ જી. ભટ્ટ (મોટાભાઈ) | વંદના એસ. ભટ્ટ (ભાભી) |
| શ્રીમતી રૂચિ વી. વ્યાસ (મોટાબેન) | રાગીણી એમ. ભટ્ટ (નાનાબેન) |

માર્ગી કે. ભટ્ટ (પુત્રી)


વસાવો તમારા સ્વપ્નનું ફર્નિચર
અને એ પણ અલંગના લાકડામાંથી
અલંગનું ફર્નિચર એક જ ભાવ
ઘરનું ફર્નિચર બનાવી આપવામાં આવશે



2 બેડરૂમ + હોલ ફર્નિચર ₹ 1,00,000
હેપ્પી હોમ ફર્નિચર Since 1989 ®
અનિરૂધ્ધસિંહ ચુડાસમા (ધંધુકાવાળા) - (M) 98240 72479
(ફેક્ટરી) ચ-૭ પાસે, પ્લોટ નં.૧૯, જી.ટી.એસ. પાસે, સેક્ટર-૩૦, ગાંધીનગર, (0) 079-232 62494
/happyhomefurniture - www.happyhomefurniture.co.in
50,000 ચો.ફુટના શો-રૂમમાં
→100 ડાઈનીંગ ટેબલ
→100 સેન્ટર ટેબલ
→60 સોફા સેટ
→ડિસપ્લેમાં તૈયાર
GST Extra*

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com